# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદમાં મેઘરાજાની તોફાની બેટિંગ** | છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૮.૨૭ ઇંચ વરસાદ ખાબક્યો, આણંદ જિલ્લામાં આજે પણ શાળા - કોલેજ બંધ રહેશે

# આણંદમાં મેઘરાજાનો હિસાબ સરભર : કુલ ૪૨ .૩૪% વરસાદ પડ્યો

**સોજિત્રા, તારાપુર** અને પેટલાદમાં મોસમનો અડધોઅડધ વરસાદ વરસી ચૂક્યો



(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ જિલ્લામાં બે દિવસ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદના પગલે જનજીવન પ્રભાવિત થયું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના અહેવાલ મુજબ, જિલ્લાના તમામ ૮ તાલુકાઓમાં સરેરાશ ૨૧૦.૧૩ મિમી (આશરે ૮.૨૭ ઈંચ) વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ વધીને ૪૨.૩૪ ટકાએ પહોંચી ગયો છે.

આણંદ જિલ્લામાં સૌથી વધુ વરસાદ સોજિત્રા તાલુકામાં ૨૮૬ મિમી (૧૧.૨૫ ઈંચ) નોંધાયો છે, જેના કારણે ઠેર ઠેર પાણી ભરાયા છે. આ ઉપરાંત પેટલાદમાં ૨૫૫ મિમી (૧૦.૦૩ ઈંચ) અને તારાપુરમાં ૨૪૮ મીમી (૯.૭૬ ઈંચ) અનારાધાર વરસાદ થયો છે. બોરસદ અને આણંદ તાલુકામાં પણ અનુક્રમે ૨૪૪ મિમી અને ૨૨૪ મિમી વરસાદ ઝીંકાયો છે. ખંભાત, આંકલાવ અને ઉમરેઠમાં પણ મહેર જિલ્લાના અન્ય તાલુકાઓની વાત કરીએ તો ખંભાતમાં ૧૫૩ મિમી, આંકલાવમાં ૧૪૨ મિમી અને ઉમરેઠમાં ૧૨૭ મિમી વરસાદ સાથે સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે.

આણંદ જિલ્લામાં સીઝનના કુલ વરસાદમાં ત્રણ તાલુકા ૫૦ ટકાને પાર વરસાદના આંકડાકીય વિશ્લેષણ મુજબ, સોજિત્રા તાલુકામાં મોસમનો સૌથી વધુ ૬૦.૨૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તે જ રીતે તારાપુરમાં ૫૬.૬૮ ટકા અને પેટલાદમાં ૫૧.૩૪ ટકા સાથે મોસમનો અડધાથી વધુ વરસાદ વરસી ગયો છે. સમગ્ર જિલ્લાની સરેરાશ જોતા અત્યાર સુધીમાં ૩૩૮.૬૩ મીમી વરસાદ સાથે સીઝનનો કુલ ૪૨.૩૪ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

**આણંદ જિલ્લામાં વરસાદ**

(છેલ્લા ૨૪ કલાકમાં)

| | |
|---|---|
| સોજિત્રા: | ૧૧.૨૫ ઈંચ |
| પેટલાદ: | ૧૦.૦૩ ઈંચ |
| તારાપુર: | ૯.૭૬ ઈંચ |
| બોરસદ: | ૯.૬૦ ઈંચ |
| આણંદ: | ૮.૮૧ ઈંચ |
| ખંભાત: | ૬.૦૨ ઈંચ |
| આંકલાવ: | ૫.૫૯ ઈંચ |
| ઉમરેઠ: | ૫.૦૩ ઈંચ |

## આણંદમાં મકાન ધરાશાયી થતાં યુવાનનું કરુણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ શહેરના લોટીયા ભાગોળ સ્થિત ભાથીજી મંદિર પાછળ આવેલા ચાવડા ફળિયામાં ગત મધ્યરાત્રિએ ધોધમાર વરસાદને કારણે એક કાચું મકાન ધરાશાયી થવાની ગમખ્વાર ઘટના બની છે. આ દુર્ઘટનામાં જયરાજસિંહ ચાવડા નામના યુવાનનું પોતાના પાળેલા કુતરા સાથે કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું.



પ્રાપ્ત વિગતો અનુસાર, રાત્રે બે થી અઢી વાગ્યાના સુમારે જ્યારે મકાન તૂટવાની શરૂઆત થઈ, ત્યારે ઘરમાં સૂઈ રહેલા તમામ સભ્યો તુરંત બહાર નીકળી ગયા હતા. જોકે, જયરાજસિંહ પોતાના પાળેલા કુતરાને બચાવવા માટે ફરીથી મકાનની અંદર ગયા હતા. આ દરમિયાન અચાનક મકાનની છત તૂટી પડતા તેઓ કુતરા સાથે નીચે દબાઈ ગયા હતા. આ ઘટનાના પગલે ફાયરબ્રિગેડ અને સ્થાનિક લોકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. કાટમાળ હટાવી યુવાનને બહાર કાઢવામાં આવે તે પૂર્વે જ તેનું અને તેના વફાદાર કુતરાનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બાજુમાં આવેલા અન્ય બે મકાનોને પણ નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

**ખેડા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં મહેમદાવાદમાં ૨૦ અને માતરમાં ૧૮ ઈંચ ખાબક્યો : નડિયાદમાં 17 ઇંચ વરસાદના પગલે લોકો ફસાયાં**

# ખેડા જિલ્લામાં 'મેઘ-તાંડવ': નડિયાદમાં ગોઠણસમા પાણી ભરાયાં









**વરસાદી આંકડા (છેલ્લા 34 કલાક)**

| તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| કપડવંજ | 2.24 |
| કઠલાલ | 2.44 |
| મહેમદાવાદ | 25.51 |
| ખેડા | 17.32 |
| માતર | 17.95 |
| નડિયાદ | 17.09 |
| મહુધા | 2.64 |
| ઠાસરા | 2.80 |
| ગળતેશ્વર | 4.37 |
| વસો | 13.66 |
| ફાગવેલ | 1.46 |

**નડિયાદના** તમામ ગરનાળા બંધ થતા શહેર બે ભાગમાં વહેંચાયું, પ્રજામાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

ખેડા જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મહેમદાવાદ અને માતર તાલુકામાં આભ ફાટ્યું હોય તેમ અનુક્રમે 20 અને 18 ઈંચ વરસાદ ખાબકતા જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નડિયાદ શહેરમાં પણ 15 ઈંચથી વધુ વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે અને પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડ્યા છે.

નડિયાદના ચારેય ગરનાળા છલકાયા, વાહનવ્યવહાર ઠપ્પ નડિયાદ શહેરમાં મેઘરાજાની તોફાની બેટિંગને કારણે શહેરના મુખ્ય માર્ગો નદીમાં ફેરવાયા છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા ચારેય મુખ્ય ગરનાળા (માઈ માતા, ખોડીયાર, શ્રેયસ અને વૈશાલી) પાણીમાં ગરકાવ થઈ જતા વાહનવ્યવહાર તદ્દન ઠપ્પ થઈ ગયો છે. માઈ માતાના ગરનાળાના પાણી ઉછળીને 300 મીટર દૂર મંદિર સુધી પહોંચી ગયા હતા. શહેરના સંતરામ રોડ, દેસાઈ વગાનો ઢાળ અને સલુણ બજાર જેવા વિસ્તારોમાં કેડસમા પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હોસ્પિટલોમાં પણ પાણી ભરાતા દર્દીઓ અને સગાઓની હાલત કફોડી બની છે.

નડિયાદમાં ભારે વરસાદના પગલે દેસાઈ વગાનો ઢાળ, શૈશવનો ઢાળ, પારસ સર્કલ, સંતરામ રોડ, પીજ ભાગોળ, સલુણ બજાર, મરીડા ભાગોળ સહિતના રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જતા જનજીવન ઠપ્પ થયું છે. સંતરામ માર્કેટ અને શહેરના મોટા શાક માર્કેટમાં પાણી ભરાઈ જતા નાના વેપારીઓએ દેસાઈ વગાના ઢાળથી ખેતા તળાવ સુધીના રોડ પર શાકભાજીની હાટડીઓ લગાવવાની ફરજ પડી હતી.

નડિયાદ મહાનગરપાલિકા વધુ એક વખત પાણી નિકાલમાં નિષ્ફલ રહ્યાની ચર્ચા ઉઠી છે.

**તંત્રનો 'લૂલો બચાવ' અને જનતાનો આક્રોશ**

નડિયાદ શહેરમાં સર્જાયેલી આ ભયાવહ સ્થિતિ માટે સ્થાનિકો વરસાદી કાંસની સફાઈના અભાવને જવાબદાર ગણાવી રહ્યા છે. બીજી તરફ, વહીવટી તંત્ર દ્વારા એવો બચાવ કરવામાં આવી રહ્યો છે કે 20 વર્ષ પહેલા કરતા અત્યારે ઓછું પાણી ભરાય છે, જેને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે તંત્ર માત્ર કાગળ પર કામગીરી બતાવી રહ્યું છે અને વાસ્તવિકતામાં વિકાસની ગતિ અત્યંત મંથર છે.

**મહેસૂલ મંત્રીની સમીક્ષા બેઠક અને સહાયના આદેશ**

ખેડા જિલ્લામાં પરિસ્થિતિની ગંભીરતાને જોતા મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડાએ નડિયાદ કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે વીજ પુરવઠો પૂર્વવત કરવા, રસ્તાઓ પરથી પાણી નિકાલ કરવા અને નુકસાનીનો સર્વે કરી તાત્કાલિક સહાય વિતરણ કરવા આદેશ આપ્યા છે. ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ પણ જળમગ્ન વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી.



**ખેડાના માતર-મોતીપુરા રોડ પર વરસાદી માહોલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો**

# માતર પાસે પાણી ભરેલા ગરનાળામાં કાર ખાબકતા ૪ યુવકના કરુણ મોત

**વરસાદી માહોલમાં** બેફામ ઝડપે જતી અર્ટિગા કાર પલટી ગઈ; અન્ય બે મિત્રોનો ચમત્કારિક બચાવ

(પ્રતિનિધિ) માતર તા.૨૪

ખેડા જિલ્લાના માતર તાલુકામાં ગુરુવારની રાત્રે એક કાળજું કંપાવી દે તેવી ઘટના બની હતી. વરસાદી વાતાવરણ વચ્ચે પુરપાટ ઝડપે જતી અર્ટિગા કાર માતર-મોતીપુરા રોડ પર આવેલા પાણી ભરેલા ગરનાળામાં ખાબકતા 4 આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. આ અકસ્માતમાં અન્ય બે મિત્રોનો આબાદ બચાવ થયો છે, જ્યારે કાર ચાલક સામે બેદરકારીથી વાહન ચલાવી મોત નિપજાવવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

અમદાવાદના અમરાઈવાડીમાં રહેતા અને એલ્યુમિનિયમ ફેબ્રિકેશનનો વ્યવસાય કરતા મુકેશકુમાર ચૌહાણ તેમના મિત્રો સાથે માતર ખાતે ફર્નિચરના કામના અંદાજ માટે આવ્યા હતા. રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે જ્યારે તેઓ કારમાં અમદાવાદ પરત ફરી રહ્યા હતા, ત્યારે માતર-મોતીપુરા રોડ પર ખોડિયાર ચોકડીથી થોડે આગળ દુર્ઘટના ઘટી હતી. આ ઘડનાના પગલે ખેડા જિલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ અધિક્ષક, પ્રાંત અધિકારી, માતર મામલતદાર સહિત ઉચ્ચ અધિકારી સ્થળ પર પહોંચ્યાં હતાં.

આ અંગે ફરિયાદ મુજબ, કાર ચાલક મયુર મહેશભાઈ પંચાલ વરસાદ હોવા છતાં કાર અત્યંત પુરપાટ ઝડપે અને બેફામ રીતે ચલાવી રહ્યો હતો. માતરના મોતીપુરા રોડ પર આવેલા એક વહેતા પાણીના ગરનાળા પાસે ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા કાર સીધી પાણી ભરેલા ગરનાળામાં પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કાર પલટી જતાં અંદર પાણી ભરાઈ ગયું હતું. જોકે, ફરિયાદી મુકેશભાઈ અને તેમનો મિત્ર ધર્મેન્દ્રસિંહ કાચ તોડીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, પરંતુ કારમાં પાછળ બેઠેલા 4 મિત્રો કાળનો કોળિયો બની ગયા હતા. આ અકસ્માતમાં ગરનાળાના પાણીમાં ડૂબી જવાથી અને ગંભીર ઈજાઓ થવાથી સ્થળ પર જ 4ના મોત નીપજ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. માતર પોલીસે આ મામલે ચાલક મયુર મહેશભાઈ પંચાલ (રહે. મણીનગર, અમદાવાદ) વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







**અકસ્માતમાં જીવ ગુમાવનારા**

**મયુર** મહેશભાઇ પંચાલ (રહે.અમદાવાદ મણીનગર અમદાવાદ)

**વિરેન્દ્રસિંગ** મદનસિંગ શેખાવત (રહે.અમદાવાદ સીટીએમ)

**મહમદમુસ્તકીમ** મન્સુરભાઇ રાજપુત (રહે.અમદાવાદ રખીયાલ)

**રાજ** સંજયભાઇ રાઠોડ (રહે. અમદાવાદ)

**મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી** | લાંબા સમયના વિરામ બાદ મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીની લહેર

# મહીસાગરમાં સાર્વત્રિક વરસાદથી ડાંગરના પાકને મળ્યું 'સંજીવની' સમાન બન્યો !



**સુકાતા** પાકને નવું આયુષ્ય મળ્યું, જિલ્લાભરના ક્યારાં છલકાયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૪

મહીસાગર જિલ્લામાં લાંબા સમયની આતુરતાનો અંત આણીને મેઘરાજાએ મહેર કરી છે. જિલ્લાભરમાં સાર્વત્રિક વરસાદ ખાબકતા ધૂળિયા વાતાવરણ વચ્ચે તરસતી ધરા તૃપ્ત થઈ છે. આ વરસાદને કારણે વાવણી કરી ચૂકેલા ખેડૂતોના મુરઝાઈ રહેલા પાકને નવું જીવતદાન મળ્યું છે, જેને પગલે સમગ્ર પંથકના જગતના તાતમાં આનંદની લહેર ફરી વળી છે.

મહીસાગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા અને તૈયાર થયેલા મોલ પર સંકટના વાદળો ઘેરાયા હતા. પરંતુ તાજેતરમાં થયેલા સાર્વત્રિક વરસાદથી ખેતરોના ખૂણે-ખૂણા અને ક્યારાઓ પાણીથી છલકાઈ ગયા છે, જેનાથી ડાંગરના પાકને મોટો ફાયદો થયો છે. ડાંગર ઉપરાંત મકાઈ, બાજરી અને શાકભાજી જેવા અન્ય ખરીફ પાકો માટે પણ આ વરસાદ અમૃત સમાન સાબિત થયો છે.

મહીસાગર જિલ્લામાં રોપણી માટે અનુકૂળ વાતાવરણ સર્જાતાં ખેડૂતોએ બમણા ઉત્સાહ સાથે ધરતીમાતાના ખોળે ધરૂ વાવણી અને રોપણીની કામગીરી ધમધમાવી દીધી છે. મેઘરાજાની આ સમયસરની પધરામણીથી ખેડૂતો પર તોળાતું આર્થિક સંકટ ટળ્યું છે.

## વીરપુરમાં ૧૫ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો

**ભારે વરસાદને** પગલે નદી-નાળાઓમાં નવા નીરની આવક

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૪

મહિસાગર જિલ્લામાં ભારે ગુરુવારની મધરાતથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું છે, જેમાં વિરપુર તાલુકામાં શુક્રવાર બપોરના ત્રણ વાગ્યા સુધીના ૧૫ કલાકમાં આશરે ૪ ઈંચ (૯૯ મીમી) જેટલો અનરાધાર વરસાદ નોંધાયો હતો. આ સતત વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લોકોને ગરમી તથા ઉકળાટમાંથી મોટી રાહત મળી છે.

મહિસાગર જિલ્લામાં વીરપુર ૯૯ મિમી સાથે સૌથી વધુ વરસાદ ધરાવતો તાલુકો બન્યો છે. અન્ય તાલુકાઓની વિગત જોઈએ તો, લુણાવાડામાં ૮૪ મિમી, બાલાસિનોરમાં ૬૮ મિમી, કડાણામાં ૬૧ મિમી અને



કોઠંબામાં ૬૦ મિમી વરસાદ નોંધાયો છે. જિલ્લાનો દૈનિક સરેરાશ વરસાદ ૫૬.૨૫ મિમી રહ્યો છે. આ વરસાદને પગલે નદીઓ અને નાળાઓમાં નવા નીરની આવક શરૂ થતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. ભારે વરસાદના કારણે વીરપુરની બ્રહ્માણી સોસાયટી જેવા નીચાણવાળા વિસ્તારોના માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાયા હતા. જોકે, સદનસીબે જિલ્લામાં હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટી નુકસાનીના અહેવાલ નથી. સ્થાનિક તંત્ર દ્વારા વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને સાવચેતીના ભાગરૂપે લોકોને નદી-નાળાની નજીક ન જવા અપીલ કરવામાં આવી છે.